# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-05-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

**************************************************

- ✓ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે રાજકીય પક્ષોના અગ્રણીઓ દ્વારા પ્રચાર પૂરજોશમાં....
- ✓ જૂનથી સપ્ટેમ્બર દરમિયાન દેશમાં સામાન્યથી વધુ વરસાદની હવામાન ખાતાની આગાહી...
- ✓ રાજકોટ ગેમઝોન દુર્ઘટનાને પગલે પોલીસ કમિશ્નર અને મ્યુનિસિપિલ કમિશ્નર સહિત ટોચના અધિકારીઓની બદલી...સાત અધિકારીઓ ફરજમોકૂફ કરાયા..
- ✓ રેમલ વાવાઝોડું નબળું પડ્યું- કોલકત્તામાં વરસાદ... બાંગ્લાદેશમાં 10ના મોત, ત્રીસ હજાર લોકો ઘર વિહોણા..
- ✓ જમ્મુ કાશ્મીરમાં લોકસભા ચૂંટણીમાં છેલ્લા 35 વર્ષમાં પ્રથમ વખત 58.46 ટકા વિક્રમજનક મતદાન...
- ✓ FIH પ્રો-લીગ હોકીમાં ભારતે આર્જેન્ટીનાને 5-4થી હરાવ્યું...

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION- Campaign

લોકસભાની ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે તમામ રાજકીય પક્ષોના સ્ટારપ્રચારકો એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ઉત્તરપ્રદેશમાં કુશીનગર, સાલેમપુર અને ચંદૌલીમાં પક્ષનાં ઉમેદવારોની તરફેણમાં જાહેર સભાઓ સંબોધી હતી. શ્રી શાહે જણાવ્યું કે, ચૂંટણી દેશનાં વિકાસ અને સલામતી માટે હોય છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડ્ડાએ વારાણસીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે કેટલીક બેઠકો યોજી હતી.

બીજી બાજુ, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ગાઝીપુર અને ચંદૌલીમાં જાહેર સભાઓ યોજી હતી. તેમણે દાવો કર્યો હતો કે ભાજપ અને બસપાએ સાંઠગાંઠ કરી છે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં પટણા, પાલીગંજ અને આરામાં જાહેર સભાઓ સંબોધી હતી. તેમણે કેન્દ્ર સરકારની ટીકા કરતા જણાવ્યું હતું કે, ભારતમાં ધનિકો વધુ ધનિક બની રહ્યા છે અને ગરીબો વધુ ગરીબ બની રહ્યા છે. કોંગ્રેસનાં મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ હિમાચલ પ્રદેશના ચંબા અને શાહપુરમાં જાહેરસભાઓ સંબોધી હતી.

# PM-INTERVIEW

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, અમારો ધ્યેય આત્મનિર્ભર ભારત દ્રષ્ટિકોણ હેઠળ સ્વદેશી પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો અને રોજગારમાં વધારો કરવાનો છે.

એક સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા લોકોને અત્યાર સુધી 34 લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. સરકારી તંત્ર દ્વારા તપાસ પર ભાર મૂકતા તેમણે જણાવ્યુ કે, સરકાર માત્ર ધારણાને આધારે નહીં પણ પુરાવા આધારિત પગલાં લે છે અને ભ્રષ્ટાચાર કોઈ સંજોગોમાં ચલાવી લેશે નહીં. તેમણે જણાવ્યું કે, સરકારનાં દરેક નિર્ણયનાં કેન્દ્રમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના રહેલી છે.

# IMD--MONSOON

હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બરની ચોમાસાની ઋતુમાં દેશમાં સામાન્યથી વધુ વરસાદની આગાહી કરી છે. નૈઋત્યનાં ચોમાસાની લાંબા ગાળાની સરેરાશને આધારે આગાહીનો બીજો તબક્કો પ્રસિધ્ધ કરતા હવામાન વિભાગના મહાનિદેશક ડો. મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું હતું કે દેશમાં એકંદરે નૈઋત્યનાં ચોમાસાની ઋતુમાં લાંબા ગાળાની સરેરાશનાં 106 ટકા વરસાદની સંભાવના છે, જેમાં ચાર ટકાની વધઘટ થઈ શકે છે.

તેમણે જણાવ્યું કે, મધ્ય ભારત અને દક્ષિણ દ્વિપકલ્પમાં સામાન્યથી વધુ, ઉત્તર-પશ્ચિમ ભારતમાં સામાન્ય અને ઉત્તર પૂર્વ ભારતમાં સામાન્યથી ઓછો વરસાદ પડવાની સંભાવના છે. જૂન મહિનામાં સમગ્ર દેશમાં વરસાદ સામાન્ય રહેશે. ડો. મોહપાત્રાએ જણાવ્યું કે, કેરળમાં આગામી પાંચ દિવસમાં ચોમાસુ બેસવા માટેની સ્થિતિ સાનુકુળ છે.

# RAJKOT- OFFICERS TRANSFER

રાજકોટની ગેમઝોન દુર્ઘટનાના પગલે ગુજરાત સરકાર કડક પગલા લઇ રહી છે. આજે મોડી સાંજે રાજ્ય સરકાર દ્વારા રાજકોટના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની બદલી કરવામાં આવી છે. જ્યારે એડીશનલ પોલીસ અધિકારી વિધિ ચૌધરીની પણ બદલી કરી દીધી છે. રાજકોટના ડેપ્યુટી પોલીસ કમિશ્ન ઝોન-2ના સુધીર કુમાર દેસાઇની પણ બદલી કરી દેવાઇ છે.

રાજકોટ ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકારે 7 અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફીના આદેશ આપ્યા છે.

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોન આગ દુર્ઘટનામાં જરૂરી મંજુરીઓ વિના શરૂ કરવા દેવાની ગંભીર નિષ્કાળજી અને ફરજક્ષતિ અંગે રાજ્ય સરકારે પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી નક્કી કરીને તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી છે.

## REV.-EVE-GUJARAT-RAJKOT-FIRE-CASE

ગુજરાત વડી અદાલતે આજે રાજકોટ અગ્નિકાંડમાં સુનાવણી હાથ ધરી હતી. ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની બેન્ચે આ ઘટના અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

દરમિયાન, ગુજરાત સરકારે અદાલતને જણાવ્યું હતું કે, આ ઘટનાની તપાસ માટે સીઆઇડી ક્રાઇમના એડીશનલ ડિરેક્ટર જનરલનાં

વડપણ હેઠળ વિશેષ તપાસ દળની રચના કરવામાં આવી છે. સરકારે જણાવ્યું હતું કે, આગામી ત્રણ દિવસમાં એસઆઇટીનો વચગાળાનો અહેવાલ તૈયાર થવાની સંભાવના છે.

દરમિયાન, ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગરમાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની મુલાકાત લીધી હતી અને મૃતકોનાં ડીએનએ અહેવાલ તૈયાર કરવા એફએસએલની કામગીરીની સમીક્ષા કરી હતી. શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દુઃખદ ઘટના અંગે સંવેદનશીલ છે.

## BANGLADESH-CYCLONE-REMAL

હવામાન વિભાગે જણાવ્યું છે કે, ચક્રવાતી વાવાઝોડું 'રેમલ' ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશામાં આગળ વધવાની શક્યતા છે અને આજ રાત સુધીમાં ડીપ ડીપ્રેશનમાં ફેરવાઈ જશે.

કોલકતાની અલીપુર હવામાન કચેરીએ જણાવ્યું છે કે, રેમલ વાવાઝોડું હવે બાંગલાદેશમાં સ્થિત છે અને આજે રાત સુધીમાં ડીપ ડીપ્રેશનમાં ફેરવાઈ જશે. પશ્ચિમ બંગાળનાં દક્ષિણ અને ઉત્તર 24 પરગણા જિલ્લા તથા કોલકાતામાં વરસાદ બંધ થઈ ગયો છે.

વાવાઝોડાની અસરને કારણે બપોર સુધી કોલકાતામાં વરસાદ પડ્યો હતો. કેટલાંક વિસ્તારોમાં વૃક્ષો તૂડી પડ્યા હતા. જો કે હવે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સ્થિતિ સામાન્ય બની રહી છે. લોકલ ટ્રેન અને મેટ્રો સેવાઓ પૂર્વવત થઈ ગઈ છે. શહેરનાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝ

આંતરરાષ્ટ્રીય વિમાનમથક ખાતેથી વિમાનોની અવરજવર પુનઃ શરૂ થઈ ગઈ છે.

તીવ્ર મોજાં અને ઝડપી પવનોને કારણે ઉત્તર ઓડિશાનો દરિયો તોફાની બન્યો હતો. હવામાન વિભાગે બાલાસોર, ભદ્રક, કેન્દ્રાપાડા જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરી છે. બાંગ્લાદેશમાં વાવાઝોડાને કારણે 10 લોકોના મૃત્યુ થયા હતા અને 30 હજાર લોકો ઘરવિહોણા થયા હતા,.

# RAJASTHAN-HEATWAVE

રાજસ્થાનમાં હજુ પણ લોકોને ભીષણ ગરમીથી રાહત નથી મળી. રાજ્યમાં અનેક સ્થળોએ તાપમાન નવી સપાટીએ પહોંચ્યું છે. ફલૌદીમાં સતત બીજા દિવસે દેશમાં સૌથી વધુ તાપમાન નોંધાયું છે. સોમવારે અહીં મહત્તમ તાપમાન 49.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે રાજ્યનાં 10 શહેરોમાં ગરમીનો પારો 47 ડિગ્રીને પાર થયો હતો.

# ECI-J&K VOTER TURNOUT

જમ્મુ- કાશ્મીરમાં લોકસભા ચૂંટણીમાં 58.46 ટકાનો છેલ્લાં 35 વર્ષમાં સૌથી વધુ મતદાનનો વિક્રમ નોંધાયો છે, જે રાજ્યમાં મજબૂત લોકશાહી પ્રક્રિયા અને લોકભાગીદારીનું પ્રમાણ છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં શ્રીનગર, બારામુલ્લા, અનંતનાગ રાજૌરી, ઉધમપુર અને જમ્મુ એમ પાંચ લોકસભા મતવિસ્તારનો સમાવેશ થાય છે. કાશ્મીર ખીણમાં શ્રીનગરમાં

38.49 ટકા, બારામુલ્લામાં 59.1 અને અનંતનાગ-રાજૌરીમાં 54.84 ટકા મતદાન થયુ હતું, જ્યારે જમ્મુમાં 72.22 ટકા અને ઉધમપુરમાં 68.27 ટકા મતદાન નોંધાયું હતું.

આ સિધ્ધિ બદલ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે મતદારોને અભિનંદન આપ્યા હતા.

# J-K--KASHMIR-TOURIST-INFLUX

દેશનાં મોટાંભાગનાં વિસ્તારોમાં ગરમીનું તીવ્ર મોજું ફરી વળ્યું છે, ત્યારે આકરા તાપમાં રાહત મેળવવા પર્યટકો પૃથ્વી પરનાં સ્વર્ગ સમાન કાશ્મીરની વાટ પકડી રહ્યા છે.

શ્રીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર દૈનિક ધોરણે 95થી 100 જેટલી ફ્લાઇટની અવરજવર થાય છે. દેશનાં વિવિધ ભાગોમાંથી પર્યટકો શ્રીનગરનાં વિશ્વ પ્રસિધ્ધ દાલ સરોવરની સુંદરતા જોવા આવે છે. આ ઉનાળામાં રાજ્યમાં પર્યટકોની સંખ્યામાં તીવ્ર વધારો નોંધાયો છે.

શ્રીનગરના દાલ સરોવર ઉપરાંત પર્યટકો ઉત્તર કાશ્મીરનાં બરફાચ્છાદિત ગુલમર્ગની મુલાકાત લેવાનું પણ ચૂકતા નથી. આ ઉપરાંત, પહેલગાંવ અને સોનમાર્ગ જેવાં પ્રસિદ્ધ ગિરિમથકો પણ પર્યટકોનાં મનપસંદ સ્થળો છે.

# INDIA-ARGENTINA HOCKEY

હરમનપ્રીત સિંહની હેટ્રીકની મદદથી ભારતે એફઆઇએચ પ્રો લીગ 2023-24નાં યુરોપિયન તબક્કાની ચોથી મેચમાં આર્જેન્ટીના વિરુધ્ધ

5-4થી વિજય  મેળવ્યો હતો. બેલ્જિયમમાં એન્ટવર્પ ખાતે રમાયેલી મેચમાં ભારત વતી અરઇજીત સિંઘ હુંડલે સાતમી મિનિટમાં, ગુરજંત સિંહે 18મી મિનિટમાં, હરમનપ્રીત સિંહે 29મી, 50મી અને 52મી મિનિટમાં ગોલ કર્યો હતો. ભારત હવે 1 જૂને જર્મની સામે મેચ રમશે.

## DOT-SMS

દૂરસંદેશાવ્યવહાર વિભાગ અને ગૃહ મંત્રાલયે સંચાર સાથી પહેલ અંતર્ગત નાગરિકોને સંભવિત એસએમએસ છેતરપિંડીનો ભોગ બનતા અટકાવવા માટે પગલાં લીધા છે.

દૂરસંદેશાવ્યવહાર વિભાગે જણાવ્યું છે કે, છેલ્લાં ત્રણ મહિનામાં આઠ હેડર્સ દ્વારા દસ હજારથી વધુ છેતરપિંડીનાં એસએમએસ મોકલવામાં આવ્યા હતા. આ આઠેય હેડર્સની માલિકી ધરાવતી કંપનીઓને બ્લેકલિસ્ટ કરવામાં આવી છે. આ કંપનીઓની માલિકીનાં તમામ 73 એસએમએસ હેડર્સ અને એક હજાર 522 એસએમએસ કન્ટેન્ટ ટેમ્પલેટ્સ પણ બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા છે.

## EVE-PREZ--BRAHMA-KUMARIS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે જણાવ્યું હતું કે, સ્વાર્થથી ઉપર ઉઠીને જન કલ્યાણની ભાવનાથી કામ કરવું એ આંતરિક આધ્યાત્મિકતાની સામાજિક અભિવ્યક્તિ છે. તેમણે જણાવ્યું કે, જન કલ્યાણ માટે દાન સૌથી મહત્વપૂર્ણ આધ્યાત્મિક મૂલ્યોમાંનું એક છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે બ્રહ્માકુમારી દ્વારા આયોજીત સ્વસ્થ અને સ્વચ્છ સમાજ માટે આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમનું ઉદઘાટન કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિ મુર્મુએ યુવાનોમાં આધ્યાત્મિક મૂલ્યો કેળવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા બદલ બ્રહ્મા કુમારીની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, આદ્યાત્મિક મૂલ્યો તમામ ધર્મોનાં લોકોને એક બીજા સાથે જોડે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, વિશ્વનાં અનેક ભાગોમાં ભય, આતંક અને યુધ્ધને પ્રોત્સાહન આપનારાં તત્વો ઘણા સક્રિય છે અને આવા વાતાવરણમાં બ્રહ્માકુમારી સંસ્થાએ 100થી વધુ દેશોમાં અનેક કેન્દ્રોનાં માધ્યમથી માનવતાના સશક્તિકરણ માટે અસરકારક મંચ પૂરો પાડ્યો છે.